# પ્રાંતિજ સહિત તાલુકામાં રક્ષાબંધન પર્વની ધામધુમથી ઉજવણી

**વર્ષોથી ચાલી આવતી પરંપરા યંત્ર યુગમાં પણ યથાવત : ભાઇ-બહેનનો પ્રેમ એટલે રક્ષા બંધન પર્વ : બહેનો ભાઇને રાખડી બાંધી ભાઇના આયુષ્ય માટે પ્રાર્થના કરે છે**

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ રક્ષા બંધનના પવિત્ર પર્વની ધરે ધરે ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી તો બહેનો દ્વારા પોતાના ભાઈના આયુષ્ય માટે કપાળે તીલક કરી મોઢુ મીઠુ કરાવીને જમણા હાથમાં રાખડી બાંધી હતી.



ભારતીય સંસ્કૃતિ માં અનેક તહેવારો આવે છે જેમાં રક્ષા બંધન નો પવિત્ર પર્વ એ વિશેષ ગણવામાં આવે છે તો રક્ષા બંધન પર્વ ને લઈને જિલ્લા સહિત તાલુકામાં બહેનો દ્વારા પોતાના લાડકવાયા ભાઈઓના આયુષ્ય તથા ભાઈ સુખી સમપતી પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ સાથે બહેનો દ્વારા પોતાના ભાઈઓને જમણા હાથ ઉપર રાખડી ના પ્રતિક રૂપે રક્ષા પોટલી બાંધવામાં આવેછે અને ભગવાન પાસે તેના ભાઈ નુ આયુષ્ય સાથે ધન થી તથા તેના ભાઈ નો પરીવાર હળ્યો ભર્યો રહે તેવી ભગવાન પાસે બહેનો પ્રાર્થના કરે છે તો ભાઈ ઓ પણ પોતાના મૃત્યુ સુધી બહેન ની રક્ષા કરવાનું વચન આપતા હોય છે ત્યારે પહેલાં ના જમાનામાં સાડીના



ટુકડા માંથી શરૂઆત થયેલ રક્ષા આજે યંત્ર યુગ માં ફેન્સી રાખડી ઓ સુધી પહોચી છે પણ સાડી નો ટુકડો હોય કે આજ ની આધુનિક રાખડી પણ ભાઈ બહેન ના સબંધો તો તેટલા જ ધનીષ્ઠ છે તેમાં કોઈ ફરક પડયો નથી માત્ર યંત્ર યુગ પ્રમાણે રાખડીઓ બદલાતી રહે છે પણ ભાઈ બહેનો પવિત્ર સંબધ આજે પણ અંકબંધ છે અને નાનાથી મોટી ઉમર ના સોર્વકોઈ પવિત્ર રક્ષા બંધન નો તહેવાર મનાવે છે અને બહેનો રાખડી બાંધી ને ભગવાન પાસે ભાઈ સુખ ની માગણી કરે તો બ્રાહ્મણો દ્વારા આજનો દિવસ પવિત્ર દિવસ હોવાથી શુભ મુહૂર્ત માં આજે જનોઈ બદલવામા આવે છે. ત્યારે યંત્ર યુગમાં પણ પવિત્ર રક્ષા બંધન ના પર્વ ની આજે પણ ધામધુમથી ઉજવણી થઈ .

# પ્રાંતિજ ખાતે મહિલાઓએ પોલીસ ભાઈઓને રાખડીઓ બાંધી

**ભાજપ શહેર મહિલા મોરચાની બહેનોએ રાખડી બાંધી : મુખ્યમંત્રીના નિવાસ સ્થાને જઇને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને પણ રાખડી બાંધી હતી**



પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામા રક્ષાબંધન ના પવિત્ર તહેવારની ઘરે ઘરે ધામધુમથી ઉજવણી કરવામા આવી હતી તો પ્રાંતિજ શહેર ભાજપ મોરચા ની મહિલાઓ દ્વારા પ્રાંતિજ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે જઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા પોલીસ ભાઈઓને રાખડી બાંધવામા આવી હતી.



પ્રાંતિજ સહિત તાલુકા મા રક્ષાબંધનના પવિત્ર તહેવાર ની ધરે ધરે ઉજવણી કરવામા આવી હતી તો પ્રાંતિજ ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા આજે સવારે ગાંધીનગર ખાતે મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના નિવાસ સ્થાને જઈને ગુજરાતના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધી હતી અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે આવીને પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફરજ બજાવતા પ્રાંતિજ પોલીસ જવાનો ની રક્ષા માટે ભાજપ શહેર મહિલા મોરચા પ્રમુખ ભગવતી બેન સુરેશભાઈ પટેલ, મંત્રી જીજ્ઞાબેન સોની, પદમાબેન રાવલ, રિદ્ધિબેન ભટ્ટ સહિત ભાજપ મહિલા મોરચા ની મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને રાખડી બાંધી મોઢુ મીઠુ કરાવી મુખ્ય વિજયભાઈ રૂપાણી તથા પોલીસ ભાઈઓના લાંબા આયુષ્ય માટે પ્રભુ પાસે પ્રાર્થના કરી હતી.

## પાલનપુર ખાતે રાષ્ટ્ર શક્તિ એકતા મંચ દ્વારા રક્ષાબંધન પર્વ નિમિત્તે ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૨૨

ભાઈ બહેનના પવિત્ર પર્વ સમાન રક્ષાબંધન પર્વ ને આડે ગણતરીના દિવસ બાકી છે.ત્યારે પાલનપુર ખાતે રાષ્ટ્ર શક્તિ એકતા મંચ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.જેમા જિલ્લા પોલીસવડા સહિત પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ અનેક સરકારી ઓફિસોમાં કામ કરતા કર્મચારીઓને રક્ષાબંધન પર્વની રાખડી બાંધીને ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે પ્રમુખ મીનાક્ષીબેન ગૌસ્વામી, સુનિતાબેન પઢીયાર,જીજ્ઞેશભાઈ પ્રજાપતિ,કિર્તીભાઈ ચૌધરી સહિત કાર્યકર્તા ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા.

## પાલનપુર હોમગાર્ડ કચેરી ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૨૨

પાલનપુર હોમગાર્ડ યુનિટ દ્વારા જિલ્લા કચેરી ખાતે ૭૫ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા કમાન્ડન્ટ આર.એમ.પંડ્યાના હસ્તે ધ્વજ વંદન કરાયુ હતુ.જેમાં સ્ટાફ ઓફીસર મનોજ ઉપાધ્યાય,હેડ કલાર્ક જયંતીભાઈ પરમાર, પ્લાટુન કમાન્ડર મુસ્તાકભાઈ ચૌહાણ, અશોકભાઈ રાવલ,કેસરસિંહ બોડાણા સહીત મોટી સંખ્યામાં હોમગાર્ડ જવાનો હાજર રહ્યા હતા.


ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન

# શામળાજી શિતકેન્દ્રમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજયો



બાયડ તા.૨૨

ભિલોડા તાલુકા ના શામળાજી શીતકેન્દ્ર પર શનિવારે શામળાજી એમ.પી.ઓ , વેટરનરી વિભાગ તેમજ શીતકેન્દ્ર ના કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામા આવેલ જેમા સાબરડેરી ના એમ.પી.ઓ વિભાગ ના વડા આસી. જનરલ મેનેજર (એફ.ઓ) શ્રી ડો એમ.એન. પટેલ શ્રી એ હાજરી આપી અને સુપરવાઈઝર શ્રી ઓની મીટિંગ મા હાજર રહી દુધ મંડળી ઓ પર દુધ વધારવા તેમજ સંઘ ની વીવીધ યોજના ઓ વીશે માહિતિ આપી તેમજ સુપરવાઈઝરશ્રી ઓ નો ઉત્સાહ વધારવા બદલ આસી જનરલ મેનેજર નો ખુબ ખુબ આભાર માન્યો શામળાજી શીતકેન્દ્ર ના એમ.પી.ઓ ઈન્ચાર્જ શ્રી હેમંત પટેલ શીતકેન્દ્ર ઈન્ચાર્જ શ્રી મહેન્દ્રભાઈ પટેલ તેમજ વેટરનરી ડોકટર શ્રી તેમજ એમ.પી.ઓ સુપરવાઈઝર શ્રી ઓ હાજર રહેલ અને સફળ મિટિંગ કરી હતી.

**ખાખીની માનવતા મહેંકી ઉઠી**

# ઈસરી પોલીસે અસ્થિર મગજના વૃદ્ધાના પરીવારની ભાળ મેળવી પરીવાર સાથે મિલન કરાવ્યું

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ અધીકારીઓ અને કર્મચારીઓ ખાખીને દાગ લગાવી રહ્યા છે સીક્કાની બીજીબાજુ જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને પોલીસકર્મીઓની ઉમદા અને માનવતા ભરી કામગીરી ખાખીને ચાર ચાંદ લગાવી રહી છે ઈસરી પીએસઆઈ વી.વી.પટેલ અને તેમની ટીમને પેટ્રોલીંગ દરમિયાન અસ્થીર મગજના વૃદ્ધા નિઃસહાય હાલતમાં જોવા મળતા ઈસરી પોલીસ સ્ટેશન લઈ આવી વૃદ્ધાને ભરપેટ જમાડી સાંત્વના આપી વૃદ્ધાના પરિવારજનોની શોધખોળ આદરી ગણતરીના કલાકોમાં વૃદ્ધાના પરીવારને શોધી પરીવાર સાથે મિલન કરાવતા વૃદ્ધા મહીલાની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા.

ઈસરી પોલીસ પેટ્રોલીંગમાં નીકળી હતી ત્યારે ગાંધીચોકમાં રોડ વચ્ચે એક વૃદ્ધ મહીલા સતત ખાવાનું માંગી રહી હોવાનું જોવા મળતા પેટ્રોલીંગમાં નીકળેલ પીએસઆઈ વી.વી.પટેલ અને સ્ટાફનું હૃદય દ્રવી ઉઠ્યું હતું અને વૃદ્ધા માનશીક બીમાર હોવાનું જણાતા તેમને ઈસરી પોલીસ સ્ટેશન લાવી જમવાની વ્યસ્થા કરી વૃદ્ધા સાથે વાર્તાલાપ કરી સાંત્વના આપી પરિવારજનોની શોધખોળ હાથધરાતા વૃદ્ધ મહીલા નાનીબેન જીવાભાઈ ગામેતી નવા પાણીબાર ગામના હોવાનું જાણવા મળતા તાબડતોડ વૃદ્ધ મહિલાના પરીવારનો સંપર્ક કરી તેમના પુત્ર કાંતિભાઈ જીવાભાઈ ગામેતીને ઈસરી પોલીસ સ્ટેશનમાં બોલાવી વૃદ્ધ મહીલા સાથે મિલન કરાવ્યું હતું અને વૃદ્ધ મહિલાને પુત્ર સાથે પોલીસ વાહનમાં ઘરે મોકલી આપી માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું. ઈસરી પીએસઆઈ વી.વી.પટેલે માનશીક બીમાર વૃદ્ધ મહિલાના પુત્રને વૃદ્ધા ઘરેથી ન નીકળી જાય અને યોગ્ય રીતે સાળ-સંભાળ રાખવા અંગે તાકીદ કરી હતી




વિશ્વ હિંદુ પરિષદની દુર્ગાવાહિનીની કાર્યકર્તા અને માતૃશક્તિની બહેનો દ્વારા રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ધનસુરાની વિવિધ ઓફિસોમાં રાખડી બાંધી ઉજવણી કરવામાં આવી હતી જેમાં ધનસુરા મામલતદાર, પોલીસ સ્ટેશન ધનસુરા ગ્રામ પંચાયત સહિત વિવિધ ઓફિસોમાં રાખડી બાંધીને રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી.




ધનસુરામાં ૨૧-૮-૨૦૨૧ ના રોજ વિવિધ PHC અને ધનસુરા CHCમાં રસીકરણ કરવામાં આવ્યું હતુ ધનસુરા તાલુકાના આકરુન્દ, શીકા, ભેસાવાડા, વડાગામ PHC અને ધનસુરા CHC ખાતે રસીકરણ કરવામાં આવ્યું હતું

# તલોદમાં હોસ્પિટલથી મહાદેવ વચ્ચેનો નવો જ બનાવેલ માર્ગ ભ્રષ્ટાચારથી ખદબદી ઉઠ્યો

**ગ્રાન્ટમાંથી કામો બતાવી ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર કરતું તલોદનું તંત્ર : વિજીલન્સ તપાસની નગરજનોની માંગ**







તલોદ, તા. ૨૨

તલોદ શહેરના અતિ મહત્વના ગણાતા સીવીલ હોસ્પિટલ થી એકલિંગેશ્વર મહાદેવ વચ્ચે તાજેતરમાં જ નવીન માર્ગ આર.સી.સી થી બનાવેલ છે જે માર્ગમાં એટલી હદે ભ્રષ્ટાચાર થયો હોય તેમ માર્ગ જર્જરેળ બની ગયો છે આ સાથેના અનેક થયેલા કામો પણ ગુણવત્તા વગરના થયેલા હોવાનું બહાર આવ્યું છે તલોદ ગામમાં તળાવમાંથી માટી લઈ જવાના અને માટી નું વેચાણ કરી દેવામાં પણ ભ્રષ્ટાચાર થયો હોવાની ચર્ચાઓ છે રાજય સરકાર દ્વારા વિકાસના કામો માટે અપાતી ગ્રાન્ટ માંથી મસમોટું આવી કામગીરી નું કૌભાંડ જો વિજિલન્સ તપાસ થાય તો બહાર આવવાની સંભાવના લોકો વ્યક્ત કરી રહ્યા છે. રાજ્ય સરકારે તલોદ નગરના વિકાસમાં માર્ગ ,ભૂગર્ભ ગટર તથા અન્ય વિકાસલક્ષી યોજનાઓ માટે કરોડોની ગ્રાન્ટ આપી હતી આ ગ્રાન્ટ માંથી તલોદ સિવિલ થી મહાદેવ જવા માટે આર.સી.સી માર્ગ બનાવ્યો હતો જેની આજુબાજુ પાણીના નિકાલ માટે પાઈપો પણ નાખેલ છે આ કામમાં હાલ માર્ગ જર્જરેળ બની ગયો છે તેમજ પાણીની પાઈપલાઈનો વેરણ ધેરણ બની છે જેથી નજરે જોતા અનહદ ભ્રષ્ટાચાર થયો હોવાનું જણાઈ આવે છે વધુ માં તલોદ ગામના તળાવમાંથી માટી લઈ જવા અને વેચાણ કરી દેવામાં રોયલ્ટી ચોરી સાથે અનેક રકમ નો ભ્રષ્ટાચાર સ્પષ્ટ વર્તાઈ રહ્યો છે વધુમાં કુમાર શાળા પાસે પોસ્ટ ઓફિસ પાસે, કેનાલો પણ જર્જરેળ બની નકામી બની ગઈ છે . સાત કરોડ જેવી માતબર ગ્રાન્ટમાંથી શહેરના તમામ કામોમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવું જણાઈ રહ્યું છે વણજારા વાસ ની કેનાલમાં ભ્રષ્ટાચાર થકી ગંદકીના થર જામ્યા છે જે મહામારીને આમંત્રિત કરી રહી છે આ તમામ કામો તંત્ર દ્વારા થયેલા કોન્ટ્રાક્ટર ને જ પકડાવી દઈ ભ્રષ્ટાચાર નો માર્ગ સરળ બનાવતા હોય તેવું જણાઈ રહ્યું છે તલોદ શહેરના વહીવટીતંત્ર સાથે અધિકારીઓની મીલી ભગત થી કોન્ટ્રાક્ટરો જોડે સાંઠગાંઠ કરી અનેક રકમો ઓળવી જવાના આ મસમોટા કૌભાંડની તાત્કાલિક વિજિલન્સ તપાસ હાથ ધરવા નગરજનોમાં આક્રોશ સાથે માંગ ઉઠી છે.

# શિક્ષકોના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી

**બનાસકાંઠા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ બોર્ડની ચૂંટણી તેમજ શિક્ષકોના પડતર પ્રશ્નો માટે પાલનપુરમાં બેઠક યોજાઈ**

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના ઉપક્રમે આવનાર બોર્ડની ચૂંટણી તેમજ શિક્ષકોના પડતર પ્રશ્નો માટે પાલનપુરમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શિક્ષક સંઘના વિવિધ પ્રશ્નો જેમાં પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી તમામ હેતુઓ માટે સળંગ ગણવી, સાતમા પગાર પંચના તફાવતના બાકી હપ્તા રોકડમાં તાત્કાલિક ચુકવવા, બિનશરતી ફાજલના



કાયમી રક્ષણના પરિપત્ર રહેલી વિસંગતતાઓ અને વાંધાજનક મુદ્દાઓ દૂર કરવા ચર્ચા કરાઈ હતી.

સી.પી.એફ અને વર્ધિત પેન્શન યોજના નાબૂદ કરી જી.પી.એફ અને જૂની પેન્શન યોજનાનો લાભ અમલ કરવો,જેવા મુદ્દાઓને લઈ સરકારમાં રજૂઆત કરવા માટે ની ચર્ચા હાથ ધરાઈ હતી.જોકે, જિલ્લા ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શિક્ષક સંઘના શિક્ષકોના પડતર પ્રશ્નો નુ નિરાકરણ નહિ આવે તો આગામી સમયમાં મૌન ધરણાં પ્રતીક ઉપવાસ સહિત ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

આવનારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની ચૂંટણીમાં ઉમેદવારને જીતાડવા માટેની હાકલ કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્ય સંઘના પ્રમુખ ભરત પટેલ અને બોર્ડ ઈલેકશનના ઉમેદવાર મુકેશ પટેલ,દિપકભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા.